# ઐતિહાસિક ગામ પાલજમાં સમસ્યાઓની વણઝાર

## ગામથળની જમીનનો અભાવથી માંડીને ગટર-રસ્તાના પ્રશ્નો ગ્રામજનોને સતાવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં જેનો સમાવેશ કરાયો છે પણ સમસ્યાઓની ભરમાર વચ્ચે જીવી રહ્યા છે. શહેર જેવી સુવિધાઓ મળવાનો વાયદો ક્યારે



તે સાબરમતી નદીના કિનારે આવેલુ પાલજ ગામ પુર્ણ થશે તેની ગ્રામજનો રાહ જોઈ રહ્યા છે. ઐતિહાસિક ગામ છે. પરંતુ તેની સમસ્યાઓનો પણ લાંબો ઈતિહાસ છે. પ્રાથમિક સુવિધાઓથી વંચિત આ ગામ શહેરની સુવિધાઓ ઝંખી રહ્યું છે.

ગાંધીનગર શહેરનો વ્યાપ હવે ત્રીસ સેક્ટરો પુરતો મર્યાદિત નથી રહ્યો. શહેરની આસપાસના સાત ગામોનો શહેરમાં સમાવેશ કરી શહેરની સુવિધાઓ આપવાનો પ્રયાસ કરાયો છે. જો કે શહેરમાં સમાવેશ પામેલા આ ગામો હજુ

**આ છે ગાંધીનગરની સમસ્યાઓનું મહાપુરાણ (૫)**

ગાંધીનગર સમાચારના પ્રતિનિધિએ જ્યારે નદી કાંઠે આવેલા શહેરનો જ ભાગ ગણાતા પાલજની મુલાકાત લીધી ત્યારે ગ્રામવાસીઓએ અનેક સમસ્યાઓ તરફ ધ્યાન દોર્યું. શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું કે પાલજ ગામમાં આઈઆઈટી જેવી સંસ્થાને જમીન આપવામાં આવી છે. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા ગામમાં બને તે સામે ગ્રામજનોને કોઈ વાંધો નથી. પરંતુ જમીનની

● અનુસંધાન પાન-૭ પર

# જે પક્ષ ખેડૂતોના પ્રશ્નો સમજશે તેને રાજ્યના ખેડૂતો સમર્થન આપશે

## ગુજરાત ખેડૂત હિતરક્ષક મંડળની રાજકીય પક્ષોને ચેતવણી

ગાંધીનગર, તા. ૨૫

જે રાજકીય પક્ષ ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો અંગે જાહેર ચર્ચા કરી અને તેની વાતો સ્વીકારશે તે જ પક્ષને જિલ્લાના અને રાજ્યના ખેડૂતો સમર્થન આપશે તેવી સ્પષ્ટ ચેતવણી ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળે આપી છે.

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળના દશરથભાઈ ચૌધરીએ ખેડૂતોના પ્રશ્નોની યાદી રજુ કરી અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે ખેડૂતોના હિતની વાતો ચૂંટણી ટાણે થાય છે પણ ખેડૂતોના હિતમાં નિર્ણયો લેવાતા નથી તેથી આજે જગતના તાતની સ્થિતિ કથળી છે.

તેમણે જણાવ્યુ છે કે ખેડૂતોને મુંઝવતા પ્રશ્નો છેલ્લા દસ વર્ષથી વણ ઉકલ્યા રહ્યા છે. તેમણે જણાવ્યું કે ખેડૂતોને ૧૨ કલાક મફત વીજળી મળવી જોઈએ તેમજ નવા વીજ કનેક્શનો ખેતી માટે મફત આપવા જોઈએ.

ગાંધીનગર શહેર કે અન્ય જગ્યાએ કેનાલ વિગેરેમાં ખેડૂતની જમીન સરકારે જાહેર હેતુ માટે સંપાદન કરી હોય તો તેનો હજુ સુધી ખેડૂતોને યોગ્ય લાભ નથી મળ્યો તે સત્વરે મળવો જોઈએ. ખેડૂતોની જે સ્ટેમ્પ ડ્યુટીની જંત્રી ૧૯૯૫ મુજબ જુની અમલમાં લાવવી.

તેમણે જણાવ્યું કે ખેડૂતોને પાણીપત્રક મેળવવામાં પણ ધક્કા ખાવા પડે છે એટલુ જ નહિ છેલ્લા ઘણા વર્ષથી તે અપાયા નથી. આ પાણીપત્રકમાં રવિ કે ખરીફ સીઝન દર્શાવાતી નથી એનાથી અનેક પ્રશ્નો ઉભા થાય છે. તેમણે એમ પણ જણાવ્યું છે કે ૭-૧૨- અને ૮ અ ગ્રામપંચાયતમાંથી ખેડૂતોને મફત આપવા જોઈએ.

ગુજરાત સરકારે ખાતર અને દવામાં સબસીડી આપવી તેમજ વેટ નાબુદ કરવો, ઓ.એન.જી.સી.માં લીધેલી જમીનનું વળતર ખેડૂતને વ્યાપારી દરોથી ચુકવવા એટલુ જ નહિ ગામતળાવ અને સીમતળાવ ભરવા માટેનો ચોક્કસ કાર્યક્રમો જાહેર કરવા જોઈએ, ખેતર ઘર, દુકાન પ્લોટ વિગેરેમાં હક કમી માટેની જંત્રી નાબુદ કરવી જોઈએ એટલુ જ નહિ પણ નવી શરતની જમીન જુની શરતમાં પ્રિમીયમ સિવાય કરવા જેવા પ્રશ્નો હજુ પણ વણઉકલ્યા રહ્યા છે.

ગુજરાતમાં રાજકીય સમર્થન માટે લઘુમતિ સમાજે શરતો રજુ કર્યાની વાત હજુ શમી નથી ત્યાં ખેડૂત હિત રક્ષક મંડળે પણ જાહેરચર્ચા અને આના ઉકેલ માટે સમયબદ્ધ અમલીકરણની ઘોષણાનો મુદ્દો રજુ કરતાં રાજકીય વાતાવરણમાં ભારે મોટો વળાંક આવ્યો છે.


પાટનગરના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજનાઓ સાથે આ બધા મુદ્દાઓ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. જો કે હજુ આ ચૂંટણીમાં રાજકીય પક્ષોએ પ્રચારના મુદ્દાઓના સંકેતો આપ્યા છે પણ ચૂંટણી સંકલ્પપત્રની ઘોષણા આગામી સપ્તાહે કરાશે તેમ મનાઈ રહ્યું છે.

# નદીના પુલ નીચેથી શંકાસ્પદ હાલતમાં પ્રૌઢનો મૃતદેહ મળ્યો

### સેક્ટર-૨૮માંથી પાંચ દિવસ પહેલા લાપત્તા બનેલા નિવૃત્ત અધિકારી હોવાનું ખુલ્યું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક લેંકાવાડા સાબરમતી નદીના પુલ નીચે ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮માં રહેતા ૫૮ વર્ષીય પ્રૌઢનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. પરિવારજનોના જણાવ્યા મુજબ તેઓ પાંચ દિવસથી લાપત્તા હતા. શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતાં ચિલોડા પોલીસે ડિકંમ્પોઝ થઈ ગયેલી ડેડ બોડીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી પેનલ ડોક્ટરથી પોસ્ટમોર્ટમ કરાવી મૃત્યુનું ચોક્કસ કારણ બહાર લાવવા તજવીજ હાથ ધરી છે.



મળતી માહિતી મુજબ સેક્ટર-૨૮ના પ્લોટ નંબર ૫૪૧/૨માં રહેતા ૫૮ વર્ષીય નિવૃત્ત ઓફિસર પ્રવિણભાઈ કાન્તીલાલ રાવલ તા. ૨૧ નવેમ્બરના રોજ સાંજે ૪ વાગે સ્કૂટર લઈને ઘરેથી નીકળ્યા હતા. પરંતુ આજ દિન સુધી તેઓના કોઈ સગડ ન હતા. લાપત્તા પિતાની શોધખોળ માટે દીકરા નિપુણે તમામ પ્રયાસો રાત-દિન એક કરીને કર્યા હતા. પરંતુ તેઓ મળી આવ્યા ન હતા. દરમ્યાન તેમણે વાતચીતમાં જાણવા મળ્યું હતું કે લેંકાવાડા સાબરમતી પુલ નીચે એક મૃતદેહ પડ્યો છે. ખાતરી કરતાં આ મૃતદેહ પોતાના પિતા પ્રવિણભાઈનો હોવાનું બહાર આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

# ....મારે ગુજરાતી ભાષા શીખવી છે : ગણેશપ્રસાદ

## ગુજરાતીમાં ટુંકા વાક્યપ્રયોગ કરી અને કર્મચારીઓને પ્રભાવિત કરતા ચૂંટણી નિરીક્ષક

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ખર્ચ નિરીક્ષક તરીકે નિમાયેલા શ્રી કે.વી. ગણેશપ્રસાદે ગુજરાતી ભાષા શીખવાનો એક મહત્વનો સંકલ્પ ગાંધીનગર આવ્યા બાદ કર્યો છે.

બેંગ્લોરમાં કસ્ટમ અને એક્સાઈઝમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા શ્રી ગણેશપ્રસાદ આઈ.આર.એસ. કેડરના અધિકારી છે. તેઓએ થોડી ઘણી ગુજરાતી ભાષા શીખી લીધી છે અને બોલવાનું પણ શરૂ કરી દીધું છે.

ગાંધીનગર સમાચારના સંવાદદાતાએ જ્યારે તેમને પ્રશ્ન કર્યો કે તમને ફાવી ગયું છે ? આ શહેર ગમ્યું ? તો કલેક્ટર ઓફિસના દરવાજે ઉભા રહી તેમણે તુરત જ ગુજરાતીમાં જવાબ આપ્યો હતો કે 'હા...હા... ફાવી ગયું છે અને સરસ છે.'

શ્રી ગણેશપ્રસાદને ગુજરાતી ભાષામાં ધીમી ગતિએ વાત કરો તો તેમને પસંદ પડે છે અને તેઓ કર્મચારીઓ સાથે ધીમી ગતિએ વાત કરવાનો આગ્રહ કરી કહે છે કે તમે ધીમી ગતિએ વાત કરશો તો મને ગુજરાતીમાં પણ ખબર પડશે.


ગુજરાતી ભાષા પ્રત્યેના તેમના આ મમત્વએ સૌને પ્રભાવિત કર્યા છે એટલુ જ નહિ તેઓ જણાવે છે કે ગુજરાતી ભાષા મારે શીખવી છે. તેઓ તેમની કામગીરી અહિ પૂર્ણ કરી પાછા જશે ત્યાં સુધીમાં ગુજરાતી ભાષા શીખવાનો તેમનો સંકલ્પ છે.


ગુજરાત સરકારના આંકડાઓ સાબિત કરે છે:

ગુજરાતનો સૌથી વધુ વિકાસ મોદી–શાસનમાં નહિ અન્ય મુખ્યમંત્રીઓના કાળમાં થયો છે

ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી પોતે જ વિકાસ કર્યો, એવો દાવો કરીને પોતાની પીઠ થાબડ્યા કરે છે. પરંતુ ગુજરાતનો શ્રેષ્ઠ વિકાસ તેમના સમયગાળામાં નહિ પણ અન્ય મુખ્યમંત્રીઓના શાસનમાં થયો છે. અન્ય મુખ્યમંત્રીઓ; કુદરતી આફતો, દુષ્કાળ અને અન્ય સમસ્યાઓ હોવા છતાં વર્તમાન મુખ્યમંત્રી કરતાં શ્રેષ્ઠ વિકાસ કરી શક્યા છે. ભૂતકાળના આંકડાઓ જોઈને તમે જ નક્કી કરો. ગુજરાતનો શ્રેષ્ઠ વિકાસ કોણે કર્યો છે.

ગુજરાત રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનનો વૃદ્ધિદર




* ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત 'સામાજિક-આર્થિક સમીક્ષા'માં પ્રગટ થયેલા આંકડા અનુસાર

ભાજપનો ઉઘાડો પડયો છે દંભ આ છે હવે અંતનો આરંભ


## સોહરાબુદીન કેસ સંદર્ભે આજે મુંબઈમાં સુનાવણી કરાશે

અમદાવાદ, તા. ૨૫

સમગ્ર દેશને હચમચાવી મુકનાર સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસ મામલામાં આવતીકાલે સોમવારે વધુ સુનાવણી મુંબઈની સીટી કોર્ટ સમક્ષ હાથ ધરવામાં આવશે. આ કેસમાં સંડોવાયેલા ૧૧ આરોપીઓ પૈકી નવને હાલમાં અમદાવાદની મધ્યસ્થ જેલમાંથી મહારાષ્ટ્ર લઈ જવામાં આવ્યા હતા.

મુંબઈમાં સીબીઆઈ કોર્ટમાં મુદ્દત દરમિયાન ડીજી વણઝારાએ કોર્ટ સમક્ષ અરજી કરીને જણાવ્યું હતુ કે સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસ મહારાષ્ટ્ર ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. પરંતુ અમારી કસ્ટડી ટ્રાન્સફર કરવામાં આવી નથી. જેથી અમને ગુજરાત પરત મોકલવામાં આવે તે જરૂરી છે. તમામ દલીલો સાંભળ્યા બાદ એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એએ ખાને પ્રવર્તમાન જેલની સુરક્ષા અંગે માહિતી આપવા આર્થર રોડ જેલના સુપ્રીટેન્ડન્ટને સૂચના આપી છે. કોર્ટે આર્થર રોડ જેલના અધિકારીને આવતીકાલે તેની સમક્ષ હાજર થવામાં કહેવામાં આવ્યુ છે. તેમની જેલમાં સુરક્ષાવ્યવસ્થા અંગે અહેવાલ આપવા કહેવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનિય છે કે ૧૯ આરોપીઓ પૈકીના ૧૭ કોર્ટ સમક્ષ અગાઉ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ સાતમી ડિસેમ્બર સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં રિમાન્ડ પર છે. કસ્ટડીમાં રહેલા આરોપીઓને મુંબઈ નજીક તળોજા જેલમાં ખસેડવામાં આવ્યા છે.


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧












ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com